Mass General Brigham

# કોવિડ-19 રસી વિશે વારંવાર પૂછાતા પ્રશ્નો

અપડેટની તારીખ: 23 ડિસેમ્બર 2020

## સામાન્ય માહિતી

**હું કોવિડ-19ની રસી ક્યારે મેળવી શકું?**
માસ જનરલ બ્રિઘેમ સરકારી સ્વાસ્થ્ય અધિકારીઓના નિર્દેશોનું પાલન કરી રહ્યું છે. જેઓ રસી મેળવી શકે એવા લોકોની પ્રથમ બૅચમાં અગ્રણી સ્વાસ્થ્યસંભાળ કામદારો છે. લાંબા ગાળાની સંભાળ સુવિધા અને નર્સિંગ હોમ્સમાંના દર્દીઓ પણ રસી મેળવી શકે છે.

**સામાન્ય જનતા માટે રસી ક્યારે ઉપલબ્ધ થશે?**
હાલમાં, મેસાચુસેટ્સના સરકારી સ્વાસ્થ્ય અધિકારીઓ માને છે કે સામાન્ય જનતા એપ્રિલ અને જૂન 2021ની વચ્ચે કોઈ સમયે રસી મેળવી શકશે. મેસાચુસેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક હેલ્થ મારફતે આ ઍક્સેસનો સમન્વય કરવામાં આવશે.

જો તમારા પર વધુ જોખમ હોય, ઉંમર 65 વર્ષ અને વધુ હોય અથવા શિક્ષણ, પરિવહન કે સાર્વજનિક કાર્ય જેવાં ક્ષેત્રોમાં અમુક પ્રકારની નોકરી ધરાવતા હો તો તમે ફેબ્રુઆરી અને એપ્રિલની વચ્ચે રસી થોડી વહેલી મેળવી શકો છો. કઈ વ્યક્તિ પર ગંભીર બિમારીનું ભારે જોખમ છે અને રસી સામાન્ય જનતાને ક્યારે ઉપલબ્ધ થઈ શકે તે વિશે સેન્ટર્સ ફૉર ડિસીઝ કન્ટ્રોલ (CDC)ની વેબસાઇટ પર વધુ માહિતી છે.

**શું બાળકો રસી લઈ શકે?**
હાલમાં, ફાઇઝરની રસી 16 વર્ષ અને તેથી વધુ ઉંમરના લોકો માટે મંજૂર કરાયેલ છે. મૉડર્ના રસીને બાળકો માટે મંજૂર કરાઈ નથી. તેને 18 વર્ષ અને તેથી વધુ ઉંમરની પુખ્ત વ્યક્તિઓ માટે મંજૂર કરાઈ છે.

**રસી કામ કરે છે કે નહિ તે આપણે કઈ રીતે જાણી શકીએ?**
કોવિડ-19 રસી અત્યંત અસરકારક હોવાનું સિદ્ધ થયું છે. તબક્કા 3ની અજમાયશો અનુસાર, બીજા ડોઝના 7 દિવસો બાદ ફાઇઝરની રસી 95% અસરકારક છે. મૉડર્ના રસી બીજા ડોઝના 14 દિવસો બાદ 94% અસરકારક હોય છે. આ પરિણામો તમામ લિંગ, વય, જાતિ અને વંશના લોકો માટે સાતત્યસભર રહ્યાં હતાં.

**હું રસી મેળવું ત્યારબાદ રોગપ્રતિકારકતા કેટલો સમય રહેશે? મારે દર વર્ષે રસી મુકાવવી પડશે?**
આ વિશે અમારી પાસે હજી માહિતી નથી. રક્ષણ કેટલા સમય સુધી ચાલશે તે જોવા માટે નૈદાનિક અજમાયશો સહભાગીઓ પર નજર રાખવાનું ચાલુ રાખશે. નવીન માહિતી ઉપલબ્ધ બને તેમ તેમ અમે તમને તે આપતા રહીશું.

રોગપ્રતિકારકતા કેટલો સમય સુધી ટકશે તે અંગે અમે હજી સુધી જાણતા ન હોવાથી તમારા હાથ ધોવા, માસ્ક પહેરવું, અને સામાજિક અંતર જાળવવું વગેરે બાબતો હજીયે અગત્યની રહે છે.

**શું આપણે રસી મુકાવ્યા બાદ માસ્ક પહેરવાનું અને સામાજિક અંતર જાળવવાનું બંધ કરી શકીએ?**
ના, હજી સુધી તો નહિ. અમે જાણીએ છીએ કે રસી તમને બિમારી થવા સામે રક્ષણ આપે છે, પરંતુ હજી સુધી અમે જાણતા નથી કે તેનાથી તમે અન્ય કોઈ વ્યક્તિને બિમાર કરો તેની સામે તે રક્ષણ આપે છે કે નહિ. દરેક વ્યક્તિને તાત્કાલિક રસી મળવાની ન હોવાથી આપણે અન્ય લોકોનું રક્ષણ કરવા માટે સાવધ રહેવું જોઈએ. તમે રસી મેળવો તો પણ તમારે હજીયે માસ્ક પહેરવું જોઈએ, સામાજિક અંતર જાળવવું જોઈએ અને તમારા હાથ ધોવા જોઈએ. સુરક્ષાનાં આ પગલાંઓમાં ફેરફાર કરવો અથવા તે પગલાંઓ લેવાનું બંધ કરવું ક્યારે સુરક્ષિત હશે તે ચેપ નિયંત્રણના નિષ્ણાતો અમને જણાવશે.

**જો આપણે માસ્ક પહેરીએ અને સામાજિક અંતર જાળવીએ તો આપણે રસી મુકાવવાની શી જરૂર છે?**
મહામારી અટકાવવા માટે આપણી પાસે ઉપલબ્ધ બધાં સાધનોનો આપણે ઉપયોગ કરવો જરૂરી છે. કોવિડ-19 રસી અને માસ્ક પહેરવા તથા સામાજિક અંતર જાળવવા જેવી રોજિંદી સરળ ક્રિયાઓ સાથે મળીને કોવિડ-19 સામે ઉત્તમ રક્ષણ આપે છે. રસીઓ 90%થી 95% જેટલી અસરકારક હોવા છતાં તમારા માટે તે કેટલી અસરકારક નીવડશે તે તમે હજીયે જાણતા નથી. રસી લેનારામાંથી લગભગ 5%થી 10% લોકોને હજીયે વાઇરસનો ચેપ લાગી શકે છે. તમને વાઇરસ લાગવાનું તથા તમે અન્યને તેનો ચેપ લગાડો તેનું જોખમ ઓછું કરવા માટે તમારાથી બનતા પ્રયત્નો તમારે કરવા જોઈએ.

**રસીમાંથી લોકોને કોવિડ-19નો ચેપ લાગી શકે?**
ના. રસી આખો કે જીવંત વાઇરસ ધરાવતી નથી અને તેથી તેનાથી કોવિડ-19 થઈ ન શકે.

**મને અગાઉ કોવિડ-19 હતો. તો પણ મારે રસી લેવી જોઈએ?**
હા, જ્યારે તે તમને ઉપલબ્ધ બને ત્યારી તમે હજીયે તે રસી મેળવી શકો છો, જો તમને અગાઉ કોવિડ-19 થયો હોય અને પછી સાજા થયા હો. જો તમે કોવિડ-19 સાથે સક્રિયપણે બિમાર હો અથવા એવાં લક્ષણો હોય જે કોવિડ-19ના કારણે હોઈ શકે, તો તમારી રસી લેવી ન જોઈએ.

**રસીની આડઅસરો�શું�છે�**
કેટલાક લોકોને રસી લીધા બાદ આડઅસરો થાય છે. ફાઇઝર અને મૉડર્ના બંનેની રસીઓ માટે મોટાભાગની હળવી આડઅસરો એકાદ દિવસમાં દૂર થઈ જાય છે.

- ફાઇઝરની રસીમાં સૌથી વધુ જણાવવામાં આવતાં લક્ષણોમાં રસીના સ્થાને દુખાવો, થાક, માથાનો દુખાવો, સ્નાયુનો દુખાવો, સાંધાનો દુખાવો અને ટાઢ છે.
- મૉડર્ના રસીનાં સૌથી વધુ જણાવવામાં આવતાં લક્ષણોમાં ઇન્જેક્શનની જગ્યાએ દુખાવો, થાક, માથાનો દુખાવો, સ્નાયુનો દુખાવો, ટાઢ, સાંધાનો દુખાવો, ઇન્જેક્શન લીધું હોય તે બાહુમાં લસિકાગ્રંથિઓનો સોજો,

ઊબકા અને ઊલટી તથા તાવનો સમાવેશ થાય છે.

**હું વધુ માહિતી ક્યાંથી મેળવી શકું?**

- કોવિડ-19 રસી લેવાના લાભો - https://www.cdc.gov/coronavirus/2019-ncov/vaccines/vaccine-benefits.html
- જ્યારે રસી મર્યાદિત હોય ત્યારે સૌપ્રથમ રસી કોણ મેળવશે? - https://www.cdc.gov/coronavirus/2019-ncov/vaccines/recommendations.html
- મેસાચુસેટ્સમાં કોવિડ-19 રસી - https://www.mass.gov/covid-19-vaccine-in-massachusetts
- ગંભીર બિમારીનું જેઓના પર સૌથી વધુ જોખમ હોય એવા લોકો – https://www.cdc.gov/coronavirus/2019-ncov/faq.html#People-at-Higher-Risk-for-Severe-IllnesS
- ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન ફાઇઝર-બાયોએનટેક કોવિડ-19 રસી –https://www.fda.gov/emergency-preparedness-and-response/coronavirus-disease-2019-covid-19/pfizer-biontech-covid-19-vaccine
- ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન મૉડર્ના કોવિડ-19 રસી - https://www.fda.gov/emergency-preparedness-and-response/coronavirus-disease-2019-covid-19/moderna-covid-19-vaccine
- માસ જનરલ બ્રિઘેમ કોવિડ-19 વેબસાઇટ - https://www.massgeneralbrigham.org/covid19

## એલર્જી

**કોવિડ-19 રસીની એલર્જિક પ્રતિક્રિયાઓ અંગે મારે ચિંતિત થવું જોઈએ?**

રસી મેળવ્યા બાદ કેટલાક લોકોને એલર્જિક પ્રતિક્રિયાઓ થતી હોવાના કેટલાક અહેવાલો મળ્યા છે. નાની સંખ્યામાં લોકોને એનાફાયલેક્સિસ કહેવાતી તીવ્ર એલર્જિક પ્રતિક્રિયા થઈ હતી. આના આધારે, યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડનિમિસ્ટ્રેશન અને CDC એવી ભલામણ કરી છે કે કોવિડ-19 રસીના કોઈ પણ ઘટક પ્રત્યે એનાફાયલેક્સિસનો ઇતિહાસ ધરાવતા લોકોએ આ રસી લેવી ન જોઈએ. ખોરાક અથવા દવાની અન્ય એલર્જી ધરાવતા લોકો આ રસી મેળવી શકે છે.

સામાન્ય રીતે, એક રસીની જેમને એલર્જી હોય એવા લોકો અન્ય રસીઓ સુરક્ષિત રીતે મેળવી શકે છે. જો તમને રસીઓ, ઇન્જેક્શનથી લેવાતી ચિકિત્સાઓ અથવા તમે જે મેળવવા જઈ રહ્યા છો તે કોવિડ-19 રસીના કોઈ પણ ઘટક પ્રત્યે તીવ્ર એલર્જિક પ્રતિક્રિયાઓ આવવાનો ઇતિહાસ હોય તો તમારે તમારા પ્રાથમિક સંભાળ પ્રદાતા અથવા એલર્જિસ્ટ (જો તમારી પાસે કોઈ એલર્જિસ્ટ હોય તો) સાથે વાત કરવી જોઈએ. તમારા માટે રસી મુકાવવી સુરક્ષિત છે કે નહિ તે અંગે નિર્ણય લેવામાં તમારા પ્રદાતા તમને મદદ કરી શકે છે.

**ફાઇઝર-બાયોએનટેક અને મૉડર્ના કોવિડ-19 રસીઓનાં ઘટકતત્ત્વો કયાં છે?**

ફાઇઝર અને મૉડર્નાની કોવિડ-19 રસીઓમાં જિલેટિન, ઈંડું અથવા લેટેક્સ હોતું નથી. વધુમાં, વાયલનાં સ્ટૉપર્સ કુદરતી રબર લેટેક્સ વડે બનાવવામાં આવતાં નથી. જેમને લેટેક્સની એલર્જી હોય એવા દર્દીઓ ફાઇઝર અથવા મૉડર્નાની કોવિડ-19 રસીઓ લઈ શકે છે.

ફાઇઝર અને મૉડર્ના એ બંનેની કોવિડ-19 રસીઓમાં પૉલિઇથિલીન ગ્લાયકોલ છે. પૉલિઇથિલિન ગ્લાયકોલ સામે

પ્રતિક્રિયાઓ જવલ્લે જ થાય છે. પૉલિઇથિલિન ગ્લાયકોલ સામે ઍલર્જિક પ્રતિક્રિયાનો ઇતિહાસ ધરાવતા દર્દીઓએ ફાઇઝર અથવા મૉડર્નાની રસી લેતાં પહેલાં પોતાના પ્રદાતા સાથે વાત કરવી જોઈએ.

**ફાઇઝર-બાયોઍનટૅક અને મૉડર્ના કોવિડ-19 રસીઓનાં ઘટકતત્ત્વો**

| | **ફાઇઝર-બાયોઍનટૅક** | **મૉડર્ના** |
|---|---|---|
| સક્રિય | ન્યુક્લિયોસાઇડ-મોડિફાઇડ મૅસેન્જર આરએનએ (મોડઆરએનએ) જેમાં સાર્સ-કોવ-2ના વાઇરલ સ્પાઇક (એસ) ગ્લાઇકોપ્રોટીનનું ઍન્કોડિંગ થયેલું છે. | ન્યુક્લિયોસાઇડ-મોડિફાઇડ એમઆરએનએ જેમાં સાર્સ-કોવ-2ના વાઇરલ સ્પાઇક (એસ) ગ્લાઇકોપ્રોટીનનું ઍન્કોડિંગ થયેલું છે |
| નિષ્ક્રિય - લિપિડ્ઝ | (4-હાઇડ્રૉક્સિબ્યુટાઇલ)એઝેનેડાઇલ) બિસ(હૅક્ઝેન-6,1-ડાઇઆઇલ)બિસ(2-હૅક્ઝાઇલ્ડિકૅનોએટ) | SM-102 (મૉડર્નાની વિશેષ માલિકીનું) |
| | 2[(પૉલિઇથિલિન ગ્લાયકોલ [PEG])-2000]-N,N-ડાઇટેટ્રાડેકાઇલઍસિટેમાઇડ | પૉલિઇથિલીન ગ્લાયકોલ (PEG) 2000 ડાઇમિરિસ્ટોઇલ ગ્લાયસેરોલ (DMG) |
| | 1,2-ડાઇસ્ટિએરોઇલ-એસએન-ગ્લાયસેરો-3- ફૉસ્ફોકોલાઇન | 1,2-ડાઇસ્ટિએરોઇલ-એસએન-ગ્લાયસેરો-3- ફૉસ્ફોકોલાઇન |
| | કોલેસ્ટેરોલ | કોલેસ્ટેરોલ |
| નિષ્ક્રિય - ક્ષાર, શર્કરાઓ, બફર્સ | પોટેશિયમ ક્લોરાઇડ, મોનોબેસિક પોટેશિયમ ફૉસ્ફેટ, સોડિયમ ક્લોરાઇડ, ડાઇબેસિક સોડિયમ ફૉસ્ફેટ ડાઇહાઇડ્રેટ | ટ્રોમેથેમાઇન, ટ્રોમેથેમાઇન હાઇડ્રોક્લોરાઇડ, ઍસિટિક ઍસિડ, સોડિયમ ઍસિટેટ |
| | શુગર (સુક્રોઝ) | શુગર (સુક્રોઝ) |
| | ડાયલુઅન્ટ, જે રસી આપતી વખતે રસીમાં ઉમેરવામાં આવે છે તે સેલાઇન (સોડિયમ ક્લોરાઇડ) છે | કોઈ ડાયલુઅન્ટની જરૂર નથી |